# શાળામાં માતૃભાષા શિક્ષણની મર્યાદાઓ

છેલ્લા કેટલાંક વર્ષોના માતૃભાષા-ગુજરાતીના શાળાકીય પરીક્ષાના પરિણામો ખૂબ જ નીચાં આવી રહ્યાં છે. આ માટે ઘણાં પરિબળો જવાબદાર છે. જેમાંનાં કેટલાંક અગત્યના જવાબદાર પરિબળો જાણીને દૂર કરવામાં આવે તો હજું મોડું થયું નથી .

આજે શાળાકક્ષાએ શિક્ષકો દ્વારા ગુજરાતીનો વિષય શીખવવા પાછળનો હેતુ જ્ઞાનાત્મક ગણવામાં આવે છે. ગુજરાતીના પાઠયપુસ્તકમાં આપેલી કૃતિઓનું જ્ઞાન આપવું એજ કર્મ અને ધર્મ ગણવામાં આવે છે. ખરેખર તો ગુજરાતી વિષય શીખવવાનો હેતુ જ્ઞાનાત્મક નથી, કૌશલ્યાત્મક છે. ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા વગેરે વિષયો જ્ઞાનાત્મક હેતુ સિદ્ધ કરવા માટેના ગણી શકાય, પણ ગુજરાતી વિષય તો નહીં જ.ગુજરાતી વિષય શીખવવા પાછળનો મુખ્ય હેતુ બાળકોમાં શ્રવણ, કથન, વાંચન અને લેખનના કૌશલ્યોનો વિકાસ કરવાનો છે. સાથે સાહિત્યના સ્વરૂપોમાં રસ લેતા કરવા, ભાષાના મૂળ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને વ્યાકરણના જ્ઞાનનું ઉપયોજન કરવાનો છે. પાઠયપુસ્તકમાં આપેલી કૃતિઓનું જ્ઞાન આપવાનો નથી, પરંતુ તેનો આધાર લઇને પેલા મુખ્ય ચાર કૌશલ્ય વિકસાવવાનો છે. આમ કરતાં જે તે કૃતિના સ્વરૂપ અને લેખક-કવિનો પણ પરિચય થઇ જશે. આમછતાં વર્ગખંડમાં ગુજરાતીના અધ્યાપન વખતે શિક્ષકો કૃતિના વિષયવસ્તુને જ પ્રાધાન્ય આપે છે. પરિણામે બાળકોમાં જે તે કૃતિના વિષયવસ્તુનું જ્ઞાન આવે છે, પણ પેલા ચાર કૌશલ્યો બાજુમાં રહી જાય છે. ખરેખર તો પાઠયપુસ્તકનો આધાર લઇને બાળકોમાં શ્રવણ, કથન, વાંચન, લેખન કૌશલ્યનો વિકાસ કરવાનો છે. આમ કરવા માટે કોઇ શિક્ષક એમપણ કહે કે હું પાઠયપુસ્તકનો નહીં પરંતુ જનકલ્યાણ મેંગેઝિનનો ઉપયોગ કરીને તે હેતુ સિદ્ધ કરીશ.તો તેમાં કશુંજ ખોટું નથી. પાઠયપુસ્તકની કૃતિનું માત્ર જ્ઞાન આપનાર શિક્ષક કરતાં જનકલ્યાણનો સહારો લઇને કૌશલ્ય વિકસાવનાર શિક્ષક બધી જ રીતે શ્રેષ્ઠ ગણી શકાય. પાઠયપુસ્તકમાં નરસિંહ મહેતાની અમુક કૃતિના બદલે અન્ય કૃતિ મૂકેલી હોય કે કોઇ એક લેખકની કૃતિના સ્થાને અન્ય બીજા લેખકની કૃતિ મૂકેલી હોય તો તેનાથી આસમાન તૂટી પડવાનું નથી, આવું બને તો શું બાળકો ગુજરાતી નહીં શીખી શકે? તમારો જવાબ હશે કે આમ થાય તો તેમાં કશુંજ ખોટું નથી. તે જવાબ જ સાબિત કરે છે કે, ગુજરાતીના પાઠયપુસ્તકમાં આપેલી કૃતિનું વિષયવસ્તું અગત્યનું નથી, પણ તેનો આધાર લઇને બાળકોમાં પેલા ચાર કૌશલ્યો વિકસાવવાના છે. ટૂંકમાં, શિક્ષકે વર્ગખંડમાં એવી તકો વારંવાર ઊભી કરવાની છે કે જેમાં બાળકને ભાગે સાંભળવાનું, બોલવાનું, વાંચવાનું અને લખવાનું થાય. મારી દષ્ટિએ એ શિક્ષક સારો છે, કે જે વર્ગખંડમાં ઓછામાં ઓછું બોલે અને વિદ્યાર્થીઓને વધારેમાં વધારે બોલવાની તક આપે. કાશ...આજના વર્ગખડોમાં આવું થતું હોત તો....?

વર્ગખંડ શિક્ષણ દરમિયાન પાઠયપુસ્તકની કૃતિના સહારે બાળકોમાં શબ્દભંડોળ પણ વિકસાવવાનું છે. આ માટે શિક્ષકો મોટાભાગે જે તે શબ્દોના અર્થ મૌખિક રીતે જણાવી દે છે. આમ કરતાં બાળકોના મગજમાં જે તે શબ્દની છાપ ઊંડી પડતી નથી. થોડા જ સમય પછી બાળક તે શબ્દ ભૂલી જાય છે. ખરેખર તો શિક્ષકે વિવિધ પ્રયુકિત દ્વારા જે તે શબ્દની સંકલ્પના સ્પષ્ટ કરાવવાની છે. જો આમ થાય તો જ બાળકો જે તે શબ્દને લાંબો સમય સુધી યાદ રાખી શકશે.

ગુજરાતી માતૃભાષાના શાળાકીય અધ્યાપનમાં બીજી મોટી મર્યાદા કાવ્ય શિક્ષણની છે. શિક્ષકો કાવ્યને પણ ગદ્યની જેમ જ શીખવે છે. કાવ્યનો રસાસ્વાદ, આનંદ કરાવવાનો છે. તે બાજુમાં રાખીને કાવ્યની પંક્તિનો અર્થ જણાવી દે છે. જો બાળકોને અર્થ જ આપવાનો હોત તો સર્જકે કાવ્યની રચના ન કરતાં ગદ્યની રચના કરીને પોતાના વિચારો ઠાલવી દીધા હોત. કાવ્ય તો કાન અને હૃદયથી ઉકેલવાનું છે. કાવ્ય શીખવાનું નથી પણ પામવાનું છે. કાવ્યની રજૂઆત નથી કરવાની પણ તેને ઉછાળવાનું હોય છે. કાવ્યશિક્ષણના અંતે વિદ્યાર્થી કાવ્યની કોઇએક ચોક્કસ પંક્તિ ગણગણતો ન હોય તો સમજવું કે તમારું તે દિવસનું શિક્ષણ નકામું ગયું.

માતૃભાષાના શિક્ષણ દરમિયાન વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે, વિદ્યાર્થી અને વિદ્યાર્થી વચ્ચે સતત સંવાદ-ચર્ચા થવા જોઇએ.પણ આજે તો શિક્ષક વિદ્યાર્થીઓને ભાગ્યે જ આ તક આપે છે. આ ઉપરાંત શિક્ષકની વાણી, વાંચન, લેખન વગેરે બાળકો માટે આદર્શ બનવા જોઇએ કે જે જોઇને વિદ્યાર્થીઓ પ્રેરિત થાય અને ભાષાકીય કૌશલ્ય વિકસાવવામાં મદદરૂપ થાય. પણ આજે ઘણી જગ્યાએ શિક્ષક જ શુદ્ધ ન બોલે કે તેના અક્ષરો જ વાંચી શકાય તેવા ન હોય તો બાળકોમાં સારા-સાચા સંસ્કારો ક્યાંથી જવાના છે?

શાળામાં આવતાં બાળકો જુદાજુદા પર્યાવરણમાંથી આવે છે. તેમની ભાષા સમૃદ્ધિ પર તેમના વાતાવરણની ખૂબ જ મોટી અસર થાય છે. આથી શિક્ષકે નબળી ભાષા ધરાવતા વિદ્યાર્થીને ઓળખી તેની સાથે વધુમાં વધુ પ્રત્યાયન કરીને તેની ભાષા સમૃદ્ધિમાં વધારો કરવાનો છે. આ માટે શિક્ષકે વિદ્યાર્થી પર વિશ્વાસ રાખીને ધીરજપૂર્વક કૂનેહથી કામ લેવું જોઇએ. વિદ્યાર્થીની ભાષાકીયક્ષતિ ચલાવી લેવી ના જોઇએ. પણ તે ક્ષતિ ઓળખી, તેના કારણો શોધી વિદ્યાર્થીને પ્રોત્સાહન આપી, જરૂર પડે વાલીનો સહયોગ મેળવી તે ક્ષતિ દૂર કરવી જ જોઇએ. અહીં ભાષાના કૌશલ્યોને પ્રાધાન્ય આપવાનું છે, નહીં કે કૃતિના વિષયવસ્તુને!

ભાષાના મૂલ્યાકન વખતે પણ શિક્ષક માત્ર પ્રશ્નોના લેખિત સાચા જવાબને જ મહત્ત્વ આપે છે. ખરેખર તો પ્રશ્નનો જવાબ ભલે બધો જ સાચો હોય પણ તેણે લખવામાં ભૂલો વધારે કરી હોય, અક્ષરો ખરાબ હોય તો પૂરા ગુણ ન જ અપાય. બીજી બાજુ જવાબ ખોટો લખેલો હોય પણ તે લખાણ વ્યાકરણ શુદ્ધ, સુંદર અક્ષરે લખેલું હોય તો તેને અમુક ગુણ આપવા જોઇએ. અહીં વિષયવસ્તુ કરતાં લેખન કૌશલ્યને મહત્ત્વ આપવાની વાત છે. વર્ગખંડ શિક્ષણ દરમિયાન કેટલાક સારા શિક્ષકો બાળકના શ્રવણ, કથન અને વાંચન કૌશલ્યનું મૂલ્યાંકન કરતાં હોય છે. પણ વાર્ષિક મૂલ્યાંકન માત્ર લેખન કૌશલ્યને આધારે જ કરવામાં આવે છે. માટે જ શાળા કે કોલેજ કક્ષાએ માતૃભાષાની સિદ્ધિનું મૂલ્યાંકન કરવામાં શ્રવણ, કથન અને વાંચન જેવા કૌશલ્યનું પણ મૂલ્યાંકન જ્યાં સુધી નહીં કરવામાં આવે ત્યાં સુધી આપણી પરીક્ષા-મૂલ્યાંકન પદ્ધતિ અપૂરતી ખામી ભરેલી જ ગણાશે.